# ૭ જુલાઇ – ૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) ભગવાન જગન્નાથજીની ૧૩૯મી રથયાત્રા :**

– અષાઢી બીજના દિવસે અમદાવાદના જમાલપુર જગદીશ મંદિરેથી ભગવાન જગન્નાથ, ભાઇ બલભદ્ર અને બહેન સુભદ્રાની રથયાત્રા નીકળી હતી.

– ઓડિશાના પુરીમાં આવેલા વિશ્વપ્રસિધ્ધ ભગવાન જગન્નાથજીના મંદિરે ૯ દિવસ આ રથયાત્રા નિકળે છે જેમાં દેશ–વિદેશના લોકો આવે છે.

**(૨) રાજકોટના હોકી મેદાનમાં હવે આંતરરાષ્ટ્રીય મેચ પણ યોજાશે :**

– રાજકોટમાં આવેલ આ મેદાન ગુજરાત રાજ્યનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું મેદાન છે.

– એફઆઇએચ સર્ટિફિકેટ ધરાવતા સમગ્ર દેશમાં ૩૦ મેદાન છે.

**(૩) નાસિર હુસેને સૌથી ઉંચો કેચ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો**

– ઇંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન અને શ્રેષ્ઠ ફિલ્ડર નાસિર હુસેને સૌથી ઉંચો કેચ ઝડપી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી લીધુ છે.

– ડ્રોન દ્વારા ૧૬૦ ફુટ ઉંચેથી ફેંકાયેલા બોલને ઝડપી આ રેકોર્ડ નોંધાવ્યો હતો.

– તેમણે ક્રિકેટમાંથી અંદાજે એક દશક પહેલા નિવૃત્તી લીધી છે.

**(૪) બોમ્બે હાઇકોર્ટ અને મદ્રાસ હાઇકોર્ટના નામ બદલાશે ?**

– બોમ્બે હાઇકોર્ટ અને મદ્રાસ હાઇકોર્ટના નામ બદલીને મુંબઇ હાઇકોર્ટ અને ચેન્નાઇ હાઇકોર્ટ કરવામાં આવશે.

– નામ બદલવાના આ પ્રસ્તાવને કેબીનેટ મંજુરી આપી દીધી છે.

– વર્ષ ૧૯૯૫માં બોમ્બે શહેરનું નામ બદલીને મુંબઇ કરવામાં આવ્યું હતું.

– અગામી સમયમાં કલક્ત્તા હાઇકોર્ટનું નામ પણ બદલીને કોલક્ત્તા હાઇકોર્ટ થશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની કેટલામી રથયાત્રા નીકળી ?

– ૧૩૯ મી

(૨) કયા રાજ્યમાં ભગવાન જગન્નાથજીનું પ્રખ્યાત મંદિર આવેલું છે ?

– ઓડિશા (પુરી)

(૩) તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં હોકી ગ્રાઉન્ડને ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા માન્યતા મળી ?

– રાજકોટ

(૪) તાજેતરમાં સૌથી ઉંચો કેચ કરી કોણે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું ?

– નાસીર હુસેન (ઇંગ્લેન્ડ–પૂરવ કેપ્ટન)

(૫) કયા વર્ષમાં બોમ્બે શહેરનું નામ બદલી મુંબઇ કરાયું હતું ?

– ૧૯૯૫

(૬) બોમ્બે હાઇકોર્ટ અને મદ્રાસ હાઇકોર્ટના નામ બદલીને શું રાખવામાં આવશે ?

– મુંબઇ હાઇકોર્ટ અને ચેન્નાઇ હાઇકોર્ટ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧